# બાળકનો વિકાસ : જન્મ પહેલાં અને જન્મ પછી

દરેક વાલી પોતાના બાળકનો વિકાસ ખુબ જ સારો અને ઝડપી થાય તેમ ઇચ્છે છે, પણ વિકાસ માટેની પ્રક્રિયા કે જરૂરિયાતોથી મોટાભાગના વાલી અજાણ હોવાને કારણે તેમની તે ઇચ્છા પૂરી થતી નથી. અહીં આપણે બાળકના જન્મ પહેલાના અને જન્મ પછીના પાંચ વર્ષે સુધીના વિકાસની વાત કરીશું. આમ તો શૈશવ અવસ્થાથી જ બાળક સંસ્કાર ઝીલતું થાય છે, પણ કુમારાવસ્થામાં બાળકનું સંસ્કારગ્રહણક્ષેત્ર વિસ્તૃત બને છે. બાળકના વિકાસ પર વારસો અને વાતાવરણની ખુબ જ મોટી અસર થાય છે. શારીરિક બંધારણ જેમાં બાળકનો દેખાવ, લોહીનો પ્રકાર, ઊંચાઇ વગેરે પર વારસાની અસર થાય છે. કેટલાક રોગો પણ વારસા આધારિત હોય છે, જેમકે, ક્ષય, મધુપ્રમેહ, રતાંધળાપણું વગેરે. બાળક જન્મે ત્યારે તેની પાસે માત્ર વારસારૂપી મૂડી હોય છે.

બાળકના વિકાસ પર અસર કરતું બીજું પરિબળ છે – વાતાવરણ. વાતાવરણના બે ભાગ પાડી શકાય, જન્મ પહેલાંનું અને જન્મ પછીનું. આમ તો મનોવિજ્ઞાન કહે છે કે, ગર્ભાવસ્થા દરમિયાન બાળક અને માતા વચ્ચે કોઇ મજ્જાકીય સંબંધ હોતો નથી. જેથી માતાના વિચારો કે જ્ઞાનની અસર ગર્ભપર થતી નથી. પણ માતાનો દેહ, ગર્ભાવસ્થામાં માતાનો ખોરાક, માતાના રોગો, માતાની ઉંમર, માતાને થતા આવેગાત્મક અનુભવો વગેરેની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ગર્ભ પર અસર થાય છે. પણ વિજ્ઞાન અને શ્રદ્ધા જુદી બાબત છે, કાયરેક શ્રદ્ધા સામે વિજ્ઞાન હારી જતું હોય છે. ઝવેરચમદ મેઘાણીને યાદ કરીએ, કસુંબીનો રંગ... જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ.....માં માતાના ગર્ભમાંથી સંસ્કાર ઝીલવાની વાત કરે છે. અભિમન્યુએ ચક્રવ્યૂહના કોઠા વીંધવાનું જ્ઞાન પોતાની માતાના ગર્ભમાંથી જ મેળવ્યું હતું.... આમ ભારતીય પરંપરા મુજબ માતાના ગર્ભમાં રહેલા બાળક પર માતાના વિચારોની અસર થાય છે. માટે તો ગર્ભાવસ્થા દરમિયાન માતાને મહાભારત નહીં રામાયણ વાંચવાની સલાહ અપાય છે.

હવે વાત કરીએ જન્મ પછીના વાતાવરણની. જેમાં આંતરિક વાતાવરણ એટલે કે વ્યક્તિનું તાપમાન, ચયાપચયની ક્રિયા, હોરમોન્સ, વ્યક્તિના વિચારો વગેરે. ભૌતિક વાતાવરણ એટલે કે જે તે વિસ્તારની આબોહવા, શહેર કે ગામડું, જંગલ, રણ વગેરે દા.ત. રાજસ્થાનના લોકો કરકસરિયા, કશ્મિરના લોકો સફેદ અને નીચાં, દક્ષિણ ભારતના લોકો રંગે કાળા. સામાજિક વાતાવરણ એટલે કે, કુટુંબ, સગાં, મિત્રો, પડોશ, શાળા, વ્યવસાય, આર્થિક સ્થિતિ, ખાનપાન, રહેણીકરણી વગેરે. આપણી સંસ્કૃતિમાં માતા હાલરડા દ્વારા બાળકમાં સંસ્કારના સિંચનની શરૂઆત કરે છે. વાતાવરણ ખાસ કરીને વ્યક્તિની માનસિત ખાસિયતો નકકી કરે છે, જ્યારે વારસો શારિરીક ખાસિયતો પર વધુ બાર આપે છે.

હવે શિશુઅવસ્થાના બાળકોના વિકાસની કેટલીક વિશેષતાઓ જાણીએ. જન્મ સમયે છોકરાનું વજન અને ઊંચાઇ છોકરીની સરખામણીમાં વધુ હોય છે. બાળક દોઢ વર્ષનું થાય ત્યારે જાતે પાણી પી શકે છે, પણ પ્યાલી ફેંકી દેશે. બે વર્ષે એક હાથમાં પ્યાલી લઇને પાણી પી શકશે. બાળકનો વિકાસ મસ્તકથી પગ તરફનો હોય છે. સાથે નજીકથી દૂર. એટલે કે, પહેલાં ખભો હલાવે, પછી કોણી વાળે અને આંગળીઓનો વિકાસ પછી જ થાય. ઉપરાંત બાળક પહેલાં સમગ્ર શરીરને હલાવી શકશે, ત્યારબાદ હાથને અને પછી જ આંગળીઓને, ત્યારબાદ બંનેને સાથે.બાળકનું ધ્યાન બીજા

સપ્તાહથી જ પ્રકાશ અને ચમકતી વસ્તુ તરફ ખેંચાય છે.બીજા માસથી તે માતાને ઓળખતું થાય છે. છઠા માસથી સંભળતા અવાજનું અનુકરણ કરે છે અને પોતાનું નામ સમજે છે. શિશુઅવસ્થાના બાળકમાં સાંવેગિક વ્યવહારમાં સ્થિરતા હોતી નથી, માટે તો તે એકાએક રડતું હોય અને પછી હસતું પણ હોય. શિશુમાં આવેગોમાં તીવ્રતા હોય છે, માટે તે મોટેથી રડે છે. તેના આવેગો મુક્ત અને નિરંકુશ હોય છે. માટે તે આપણું માને નહીં, રડે , તે પણ જાહેરમાં, રસ્તા વચ્ચે ! વધુ બુદ્ધિશાળી બાળક વધુ બીકણ હોય છે, કારણ કે તે ભયને પારખે છે. બાળક જન્મે ત્યારે અહંવાદી હોય છે, સ્વાર્થી હોય છે. પોતાની વસ્તુ બીજાને આપે નહીં, મમ્મી,ભાઇ, બહેન મારા વગેરે. બીજાના સંપર્કમાં આવતાં ધીમે ધીમે સામાજિક બને છે. પણ કોઇ ચીડાવે તો દૂર જાય છે. બાળક સાથે વર્તન વ્યવહાર કરવો ખૂબ કઠીન છે. તે અનુકરણશીલ છે. જેથી તેની સામે બોલતા કે અમુક વર્તનો કરતા સો વાર વિચાર કરવો જોઇએ. તેની પાસે જે અપેક્ષા રાખતા હોઇએ તેવા ઉદાહરણો રજૂ કરવા જોઇએ

બાળક કરતાં આપણમાં બુદ્ધિ અને શક્તિ વધુ હોય છે. તે આપણી સરખામણીએ ઓછું સમજદાર હોય છે. છતાં આપણે તેની સાથેના વર્તનમાં તેનામાં જ પરિવર્તન ઇચ્છીએ છીએ. આપણે કોઇ પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરતા નથી. બાળકને માર મારવાથી તે ક્યારેય વ્યવહારમાં પરિવર્તન નહીં કરે. તમે શા માટે મારો છો તેની તેને ખબર જ હોતી નથી પછી માર મારવાથી શું ફાયદો ? આ ઊંમરના બાળકો ભલે એકાંતપ્રિય હોય, છતાં તેમના વર્તનની તેઓ નોંધ લેવડાવવા ઇચ્છતા હોય છે. ક્યારેક કોઇ મહેમાન આવે ત્યારે તે વચ્ચે આવીને રમે, આપણી સામે પડેલી કોઇ વસ્તુ લઇને રમવા લાગે વગેરે. આવા સમયે તમે તેને દૂર ધકેલશો તો તે ફરી આવી જશે જ. પણ તમારે સમજીને અવારનવાર તેની નોંધ લેવી, સમયાંતરે તેની પાસે જઇને વાત કરવી, તેના વખાણ કરવા વગેરે તો તે તમને પસંદ વર્તન કરશે જ.

નોકરી કરતાં લોકો પોતાના બાળકને કામવાળી પાસે મૂકીને જાય, કામવાળી બાઇ પ્રેમથી રાખશે જ. અંતે તે બાળક પોતાની સાચી મા કરતાં કામવાળીને વધુ પ્રેમ કરશે. જો નાનપણમાં તમે તેને ઘોડિયાઘરમાં કે અન્યના સહવાસમાં લાંબો સમય મૂકશો તો તેના મન-દિલમાં તમારા માટે પૂરતી લાગણી નહીં જ થાય. આજે તમે તેને તમારી સવલત માટે ઘોડિયાઘરમાં મૂકશો તો ભવિષ્યમાં તેઓ તેમની સવલત માટે તમને વૃદ્ધશ્રમમાં મૂકતા સહેજ પણ નહીં અચકાય. જે વ્યક્તિને બાળકનું સારી રીતે પાલનપોષણ કરવાનો સમય કે સમગવડ ન હોય તો એવી કોઇપણ વ્યકિતને બાળકને જન્મ આપવાનો હક્ક નથી.બાળવિકાસના કેન્દ્રમાં આંગણવાડી કે બાલમંદિર વગેરેમાં બાળકને મૂકવાનો હેતુ એ છે કે, ત્યાં બાળકને સામાજિક બનાવવાની સાથે સાથે તાલીમ પામેલ વ્યકિત દ્વારા તેનું ઘડતર કેટલાક અંશે થાય છે. આમછતાં મોટી તાલીમ પામેલ વ્યકિંત ક્યારેય મા-બાપના તોલે ન જ આવી શકે.